ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરની એક વિશેષ ઓળખ

ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. સરકારી કર્મચારીઓ-અધિકારીઓનું શહેર છે. એક સમયે વિશ્વના સૌથી વધુ હરિયાળા પાટનગરની ઓળખ ધરાવતુ શહેર છે. નગર સ્થાપત્યની દ્રષ્ટિએ આ શહેર અનેકોને માટે આકર્ષણનું શહેર છે. આવી અનેક ઓછી જાણીતી કે વધુ જાણીતી વાતો ગાંધીનગર વિશે કરી શકાય છે. પણ ઘણી એવી વાતો પણ ગાંધીનગર સાથે જોડાયેલી છે કે જેની ઓળખ હજુ સુધી પહોંચી નથી.




## બાપુ અને બાબા સાહેબના સપનાનો પડઘો ગાંધીનગરે ઝીલ્યો

આવી જ એક ઓળખ એટલે ગુજરાતમાં છેલ્લા બે દાયકાઓમાં શહેરીકરણ ફેલાયું છે એની સાથે ગાંધીનગર લગોલગ ચાલી રહ્યું છે એ પણ છે. ગાંધીનગરની સ્થાપના અને ગુજરાત રાજ્યની સ્થાપનાની વિગતો સાથે જો આંકડાઓને જોઈએ તો છેલ્લા વસ્તીગણતરી અહેવાલ અનુસાર ગુજરાતમાં શહેરીકરણનો વ્યાપ ૬ ટકા જેટલો વધ્યો છે તો ગાંધીનગરની સ્થિતિ એવી જ છે એમ શહેરી સેન્સસ ડેટા બતાવી રહ્યું છે. એક શહેર તરીકે ગાંધીનગરની વાત કરીએ તો કુલ ચાર લાખ ૩૩૨૫૮ પરિવારો ગાંધીનગરમાં નોંધાયેલા છે. જે ગ્રામીણ અને શહેરી સંદર્ભમાં જોઈએ તો બે લાખ ૩૭૬૨૪ અને એક લાખ ૯૫,૬૩૪ થાય છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરમાં વસતા કુલ પરિવારોની ટકાવારી ૨.૪૭ ટકા છે. જે પૈકી ૨.૫૫ ટકા ગ્રામીણ ક્ષેત્રમાં અને ૨.૩૭ ટકા શહેરી ક્ષેત્રમાં વસેલા છે.

શહેરીકરણનો ઝોક કેમ વધે છે ? અથવા તો વધુ સ્વીકૃત કેમ હોય એવા સમાજશાસ્ત્રીય સવાલનો જવાબ એ મળે કે ગ્રામ્યકક્ષા કરતા શહેરીકક્ષાએ ચીજવસ્તુ, આંતરમાળખાકીય સુવિધા અને અત્યારના સંજોગોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની દરેક પરિવારોની તાલાવેલી આની પાછળ મહત્વની છે. ઉપર દર્શાવેલી વિગતોએ સેન્સસ માહિતીના આધારે ગાંધીનગર અને ગુજરાતના તમામ પરિવારોની સામાન્ય માહિતી છે. પણ ગાંધીનગરની જે ન જાણેલી ઓળખ આપણે જોવી હોય તો એ છે કે શહેરીકરણની તીવ્રતા ભલે વધુ હોય પરંતુ હજુ ગ્રામીણ ક્ષેત્રના પરિવારો અને ગ્રામીણ વસ્તીનુ પ્રમાણ શહેરો કરતા વધુ છે. અને તેમાં ન દેખાયેલી એક બાબત એ છે કે ગાંધીનગર શહેરમાં અનુસુચિત જાતિ અને જનજાતિના પરિવારો વસ્યા છે તેમની આંકડાકીય માહિતી.

ગાંધીનગર ગ્રામીણ સેન્સસ ક્ષેત્રમાં અનુસૂચિત જાતિના વસેલા પરિવારોનું પ્રમાણ ૩૪ ટકા છે અને અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૧૮ ટકા છે. પરંતુ ગાંધીનગર શહેરી ક્ષેત્રની વાત કરીએ તો તેમનું ટકાવારી પ્રમાણ ૬૬ ટકા અને ૮૨ ટકા જેટલુ છે ! આની પાછળના સીધા કારણો તો ઘણા મળી શકે. જેમકે શિક્ષણ અને રોજગારીના કારણે સ્થળાંતર તેમનુ વધુ હોય. બહુ મહત્વનું કારણ એ છે કે બંધારણીય માર્ગે, સામાજિક વિકાસ માટે જે 'અનામત વ્યવસ્થા' અમલી બનાવવામાં આવી એના પરિણામે ગાંધીનગર શહેરી સેન્સસ વિસ્તારમાં તેમની વસ્તી (પરિવારો)નું પ્રમાણ વધારે છે. અનુસૂચિત જનજાતિ કે આદિવાસી એ આ દેશના મૂળ નિવાસી છે. વનવાસી ક્ષેત્રોમાં તેઓ સદીઓથી રહેતા આવ્યા છે. તેમની વચ્ચે અન્ય બિન

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લો મહામંદીની ઝપટમાં આવ્યો

## છેલ્લા એક વર્ષમાં ૮૯ કારખાના બંધ થયા : બેંકોના ધિરાણમાં પણ ૭૩ ટકાથી વધુ લેણુ બાકી

ગાંધીનગર, તા. ૨૪

મંદીની અસરોમાંથી ગાંધીનગર જિલ્લો પણ બાકાત નથી અને છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં નેવુ જેટલા કારખાનાઓ બંધ થાયા છે.

આ કોઈ કાલ્પનિક વાત નથી પરંતુ તદ્દન સત્ય હકીકત છે. જિલ્લાની આ વિગતો ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકશ્રીની કચેરીએ જિલ્લાના એક પ્રકાશિત થતા અહેવાલ માટે આપેલી છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં વિવિધ ઉત્પાદનોના ૫૧૯ જેટલા કારખાનાઓ કાર્યરત હતા. જેમાંથી ૯૦ જેટલા કારખાના ૨૦૧૮-૧૯ દરમ્યાન બંધ થયા છે અને હાલ ૪૩૦ જેટલા કારખાનાઓ કાર્યરત છે.

આ પ્રકાશનમાં જ જણાવ્યા પ્રમાણે જિલ્લામાં ૮૮૮૭ નાના પાયાના ઉદ્યોગો છે. જેમાં મધ્યમ પ્રકારના ૧૫૭, નાના ઉદ્યોગો ૨૦૩૩ અને અતિ નાના ઉદ્યોગ ૬૬૯૭ છે.

જિલ્લામાં લઘુ-મધ્યમ અને નાના ઉદ્યોગોના વિકાસ માટેની ખાસ નીતિ અમલમાં નથી. જિલ્લામાં સર્વિસ સેક્ટર જ વધુ ડેવલપ થયુ છે. ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવાથી પ્રદૂષણ મુક્ત જિલ્લો રહે તે સરકારનો આશય છે એટલે અહિ આઈ.ટી.પાર્ક સહિતના સર્વિસ સેક્ટરના વિકાસ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન ઉભા કરવામાં પણ આઈ.ટી. સેક્ટરને જ પ્રભુત્વ આપવામાં આવેલ છે. અહિ ૭ જેટલા આવા રિજીયોન પણ ઉભા કરાયા છે પણ તેનો વિવાદ અલગ છે એટલે અહિ તેનો ઉલ્લેખ કરવો યોગ્ય નથી.

જિલ્લામાં જે ૮૯ જેટલા કારખાનાઓ બંધ થયા છે તેમાં કેમિકલ પેદાશોના ૧૪, ઈલેક્ટ્રીક સાધનોનું ઉત્પાદન કરતા ૧૪ એકમો, કાપડનું ઉત્પાદન કરતા ૧૧ એકમો બંધ થયા છે.

જિલ્લામાં ખાદ્યચીજોની બનાવટનું કામ કરતા ૭ કારખાના, ફેબ્રીકેટેડ ધાતુનુ ઉત્પાદન કરતા ૭ એકમો, કોમ્પ્યુટર અને ચશ્માનું ઉત્પાદન કરતા ૩ એકમો, ઔષધ રસાયણ અને વનસ્પતિ પેદાશ આધારિત ઉત્પાદન કરતા ૬ એકમો બંધ થયા છે.

દિલ્હી-મુંબઈ ફ્રેડ કોરીડોર બનતાં જિલ્લામાં ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝના વિકાસની વાતો થતી હતી પરંતુ તેમાં હજુ ધારી સફળતા મળી નથી એટલુ જ નહિ એવા કોઈ એકમો પણ વિકસ્યા નથી.

જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે બેંકો દ્વારા આપવામાં આવેલ ધિરાણમાં પણ વસુલાતનું પ્રમાણ નબળુ છેલ્લા એક વર્ષમાં રહ્યુ છે. મળતી વિગતો પ્રમાણે ૭૪ ટકા જેટલુ લેણુ બેંકોનું બાકી નીકળે છે. જિલ્લાની બેંકોએ ૨૫ હજાર લાખથી વધુનુ ધિરાણ કરેલ છે પણ ૧૯ લાખ હજારથી વધુનું ધિરાણ બાકી નીકળી છે.

જિલ્લાતંત્રના સૂત્રોની માનીએ તો જિલ્લામાં વ્યક્તીગત લોનની ભરપાઈ કરવામાં પણ લોકોએ ઉદાસીનતા દાખવી છે અને તેની ટકાવારી પણ ૭૨ ટકા જેટલી છે. જિલ્લામાં થયેલ વિવિધ ધિરાણોમાંથી બાકી લેણાં ૨૦૧૮-૧૯ દરમ્યાન ૭૩ ટકા જેટલા હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં હાલ ખેડૂતોને પણ ટકાના ભાવે તેમના ઉત્પાદનો વેચવા પડી રહ્યા છે. મંદીની ઝપટમાં જિલ્લાનું અર્થતંત્ર આવી ગયુ છે. રોજગારી નિર્માણ ક્ષેત્રે પણ કોઈ મહત્વની અમલવારી જિલ્લામાં થઈ નથી.

ગાંધીનગર જિલ્લાનું અર્થતંત્ર જે રીતે ભીંસમાં આવી રહ્યુ છે તે જોતાં આગામી દિવસો અઘરા હશે તેમ મનાઈ રહ્યુ છે.



આજના ઝડપી અને ડિસ્પોઝેબલ યુગમાં આપણી ''આસ્થા'' પણ ઝડપથી ડિસ્પોઝેબલ બનતી જાય છે. આજે સમાજમાં લેભાગુ સ્વામીઓ અને ધર્મગરૂઓ ધાર્મિકતાના નામે ધતિંગો અને આસ્થાના નામે આડંબરો કરી તેમના કુકર્મો ભરેલી કરતૂતોથી ''ધર્મ''ને બદનામ કરી રહ્યાં છે ત્યારે આપણે પણ જૂના ઈશ્વરને ''કચરા''ના હવાલે કરી નવા ''તારણહાર''ની દિશામાં આંધળી દોટ મુકી રહ્યાં છીએ. સેક્ટર-૨૪-૨૭ની ચોકડીએ જ્યાં એક સમયે સાઈબાબાનુ ગેરકાયદેસર મંદિર હતુ ત્યાં વડલાના વૃક્ષ તળે આ વેરવિખેર પુજાપો અને ભગવાનની તસવીરોએ એવી સ્થિતિ સર્જી છે કે વડલાની છાંયમાં બે ઘડી નિરાંતે બેસવું હોય તો પણ બેસી ના શકાય ત્યારે એક સવાલ જરૂર થાય છે કે ક્યારે આપણે સાચો ''ધર્મ વિવેક'' કેળવીશું ?

# નવા સેક્ટરોમાં રોડ રિસરફેસીંગની કામગીરી ઝડપથી હાથ ધરો : મેયર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં આંતરિક માર્ગો તથા મુખ્ય માર્ગોના રિસરફેસીંગ તેમજ સપાટીના મજબુતીકરણની કામગીરી તાકીદે હાથ ધરવા માટે મેયર રીટાબેન પટેલે એક પત્ર પાટનગર યોજનાના મુખ્ય ઈજનેરને લખ્યો છે.

મેયર પટેલે લખેલા પત્રમાં જણાવ્યુ છે કે પાટનગર યોજના વિભાગ દ્વારા ગાંધીનગરના કેટલાક સેક્ટરોના આંતરિક રસ્તાઓના રિસરફેસીંગની કામગીરી ૨૦૧૮માં હાથ ધરવામાં આવી હતી. પરંતુ સે. ૬ થી ૧૯ અને ૨૪ થી ૩૦ના આંતરિક રસ્તાઓ, પ્રાઈવેટ પ્લોટ અને સોસાયટીઓના આંતરિક રસ્તાઓના રિસરફેસીંગ કે સપાટીના મજબુતીકરણની કામગીરી ૨૦૧૩-૧૪ પછી હાથ ધરવામાં આવી જ નથી. તો આ સેક્ટરોમાં આ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.

મેયરે આ પત્ર લખી કોંગ્રેસને મનાવવાનો પ્રયાસ કર્યો હોય તેવી વાતોએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. આ વર્તુળો જણાવે છે કે માર્ગોના રિપેરીંગ માટે સરકાર દ્વારા વખતોવખત ગ્રાન્ટ મનપાને હવાલે મુકવામાં આવે છે અને મનપા દ્વારા તેનો વપરાશ કરવામાં આવતો હોય છે.

મનપામાં સત્તાધારી પક્ષ કોંગ્રેસના કાઉન્સીલરોની કોઈ રજુઆત સાંભળતુ નથી એટલુ જ નહિ છેલ્લી સામાન્ય સભામાં તો આ મુદ્દે કોંગી કાઉન્સીલર રાકેશ પટેલે રજુઆતો પણ ઉગ્રતાપૂર્વક કરી હતી.

જો કે મેયરે એકાએક કેમ આ નવા સેક્ટરો માટે રસ લીધો તેને લઈ નવા સેક્ટરોમાં જ ચર્ચા જાગી છે. કાઉન્સીલરોએ આ અંગે થોકબંધ પત્રો લખ્યા છે. જો કે પત્રો ગુમ થવાની વાત સામાન્ય સભામાં થઈ હતી. મેયરે આ પત્રમાં તેમને સંખ્યાબંધ રજુઆતો મળી હોવાનો ઉલ્લેખ કર્યો છે.

# આવતીકાલથી રાજ્યભરમાં વધુ એક ગ્રામસભા અભિયાન

## બંધારણ દિવસથી ડો. બાબાસાહેબના જન્મ દિવસ સુધી આ અભિયાન હાથ ધરવાની ખાસ સૂચનાઓ જારી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં બંધારણ દિવસથી આંબેડકર જયંતિ સુધી વધુ એક ગ્રામસભા અભિયાન યોજવા માટેનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. અર્થાત્ ૨૬ નવેમ્બરથી ૧૪ એપ્રિલ દરમ્યાન આ અભિયાન યોજાશે.

ભારત સરકારના કેબિનેટ સેક્રેટરીના પત્રને તેમજ અધિક સચિવશ્રી પંચાયતી રાજ ભારત સરકારના પત્રને અને ગ્રામ વિકાસ વિભાગના સચિવ ભારત સરકારના પત્રોને ટાંકી રાજ્ય સરકારે આ અભિયાન હાથ ધરવાની સૂચનાઓ જારી કરી છે.

ભારતના બંધારણની રચનામાં ડૉ. આંબેડકર દ્વારા આપવામાં આવેલ અમુલ્ય યોગદાન થકી ડૉ. બાબાસાહેબને બંધારણના ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે. ભારતનું બંધારણ વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણ કરતાં સૌથી મોટુ લેખિત બંધારણ છે. ભારતનું આ બંધારણ બંધારણસભામાં તા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિવસે પસાર થયેલ જે અન્વયે દર વર્ષે ૨૬ નવેમ્બરને બંધારણીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ચાલુ વર્ષે ભારત સરકારે બંધારણીય દિવસની ઉજવણીના ભાગરૂપે બંધારણ અને મૂળભૂત ફરજો વિષય પર તા. ૨૬-૧૧-૧૯ થી ૧૪-૪-૨૦ દરમ્યાન આ જાગૃતિ અભિયાનના ભાગરૂપે ખાસ ગ્રામસભાનું આયોજન કરવા માટે જણાવ્યુ છે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે દરેક ગામમાં યોજાનાર આ ગ્રામસભામાં મૂળભૂત ફરજો અને બંધારણના આમુખનું વાંચન કરવાનું રહેશે. આ ગ્રામસભા અભિયાનમાં મહિલાઓ અને યુવાનો વધુમાં વધુ જોડાયતે રીતે આયોજન કરવાનુ રહેશે એટલુ જ નહિ આમુખનુ વાંચન સરપંચશ્રી દ્વારા થાય અને સંબોધન કરે તે પણ જરૂરી છે.

આ અભિયાનમાં બંધારણના વિષય ઉપર પરિસંવાદો, કોન્ફરન્સ, રેલી જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવા જણાવાયુ છે. એટલુ જ નહિ આ અંગેના ફોટોગ્રાફસ પણ ભારત સરકારની વેબસાઈટ પર અપલોડ કરવાની ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

પંચાયત વિભાગે હાલ જીપીડીપીના ભાગરૂપે ગ્રામસભાનું આયોજન ચાલુ છે પણ ૨૬-૧૧-૧૯ અને ત્યારબાદ ૩૧-૧૨-૧૯ સુધી યોજાનાર આ ગ્રામસભા અભિયાનમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# બુધવાર સુધી જિલ્લાના તાપમાનમાં ઘટાડો થશે નહિ

## રવિ સીઝનની વાવણીમાં વિલંબ થવાની સંભાવનાઓ વધી છે

ગાંધીનગર, તા. ૨૪

આગામી બુધવાર સુધી જિલ્લામાં ગરમીનું પ્રમાણ જળવાઈ રહેલુ જોવા મળશે. જો કે આકાશ અંતશઃ વાદળછાયુ રહેશે પણ વરસાદ પડવાની સંભાવના નથી. કૃષિ યુનિ. દાંતીવાડાના પૂર્વાનુમાન મંત્રાલયે ખેડૂતોને માર્ગદર્શન હવામાન માટે આપતા બુલેટીન અંક નં. ૫૮માં આમ સ્પષ્ટ જણાવ્યુ છે.

આ આગાહીમાં જણાવાયુ છે કે મહત્તમ તાપમાન ૨૭મી સુધી ૩૨-૩૩ ડિગ્રી રહેશે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૦ થી ૫૩ ટકા રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૨ કિ.મી. રહેવાની શક્યતા છે.

આ દિવસોમાં ગાજર, ઘઉં, જીરૂ, મેથી, રજકો, બટાકા, ચણાનું વાવેતર કરવા માટે શ્રેષ્ઠ સમય દર્શાવવામાં આવ્યો છે. જો કે ખેતરોમાં કપાસનો પાક ઉભો હોવાથી જીંડવા પરિપક્વ થઈ ગયા હોય તો રૂની વીણી કરવાની સલાહ આપવામાં આવી છે તેમજ દિવેલાના પાકમાં પિયત આપી જમીનો ભેજ જાળવી રાખવાની સલાહ અપાઈ છે.

ખેડૂતોનું માનવુ છે કે ૧લી ડિસેમ્બરથી જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધશે. જો કે આ વખતે પાછોતરો વરસાદ લંબાતા રવિ સીઝનની વાવણીમાં વિલંબ થશે તે લગભગ સ્પષ્ટ છે.

કપાસના ઉત્પાદનમાં રૂની ગુણવત્તાને કારણે ખેડૂતોને ભાવ મળતો નથી પરંતુ જે ઉત્પાદન મળે તેનુ વેચાણ કરી આર્થિક રાહત વધુમાં વધુ મળે તેવો અભિગમ હાલ ખેડૂતો અપનાવી રહ્યા છે. આથી રવિ સીઝનનું વાવેતર વિલંબમાં પડશે તેમ કહેવાઈ રહ્યું છે.

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલી



સ્વ. ચૌધરી રમેશભાઈ દેવજીભાઈ
તા. ૨૫-૧૧-૨૦૧૮
સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી,
વિદાય આટલી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
હજુ મન માનતું નથી કે અમારી વચ્ચે નથી
ક્ષણે ક્ષણે અમારી સાથે છો તેવી સ્મૃતિઓ
સ્મરણો આજે પણ અનુભવીએ છીએ.
આપના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના સાથે સદા યાદ કરતો પરિવાર
લિ.
ચૌધરી મણીભાઈ પુંજીરામ
ગં.સ્વ. ભાવનાબેન રમેશભાઈ
ચૌધરી ડાહ્યાભાઈ દેવજીભાઈ — ચૌધરી નરેશભાઈ મણીભાઈ
ચૌધરી બળદેવભાઈ દેવજીભાઈ — ચૌધરી શૈલેષભાઈ મણીભાઈ
ચૌધરી દર્શિત રમેશભાઈ
વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન જી.આઈ.ડી.સી. એન્જી.એસ્ટેટ, સેક્ટર-૨૮, એસોસિએશન હોલમાં
સવારે ૮.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી
તારીખ : ૨૫-૧૧-૨૦૧૯ ના રોજ રાખેલ છે.
રક્તદાતાને પરિવાર તરફથી ગિફ્ટ આપવામાં આવશે.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)



જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com